# અરુણોદય

વર્ષ - ૧ અંક - 3 ડિસેમ્બર - ૨૦૨૨

myvadgam@gmail.com nitesh.l.patel 9429407732

## જંગી ખર્ચા બચાવીને આર્થિક સમાનતા લાવતા સમૂહ લગ્ન....

સમૂહ લગ્નનો કોન્સેપ્ટ સદીઓ જૂનો છે. 324 BC માં ધ ગ્રેટ એલેકઝાંડરે પર્શીયન રાજાની દિકરી સાથે સમૂહમાં લગ્ન કર્યા હતા. તેમની સાથે અન્ય 80 લોકોએ પણ લગ્ન કર્યા હતા.
સમૂહ લગ્નમાં ભેટ સોગાદો આપવાની શરૂઆત પટેલ સમુદાયે કરી હતી. સમુહ લગ્નમાં સૌથી વધુ જોડા લગ્નગ્રંથિથી જોડાયા હોય તેનો રેકોર્ડ પણ નોંધાયો છે. ફેબ્રુઆરી 2011 માંઅમરાવતી ખાતે બાબા રામદેવ ની સંસ્થાએ 3100 યુગલના લગ્ન કરાવ્યા હતા. દક્ષિણના રાજ્યોમાં સમૂહ લગ્ન મોટા પાયે જોવા મળે છે. સમૂહ લગ્નમાં લોકો હોંશભેર લાભ લે તેમાં કોઈનાનમ નથી તેવી ભાવનાવાળા સામાજિક આંદોલનની જરૂર છે. સરકારે તેમજ સમાજના અગ્રણીઓએ દરેક કુટુંબને સમુહ લગ્ન તરફ વાળવા માટે પ્રચાર પ્રસાર કરવો જોઈએ જેના કારણેજ્ઞાતિમાં સૌ આર્થિક રીતે સમાન લાગે. ચાલો નવા કોન્સેપ્ટને જીવનનો એક ભાગ બનાવીએ. સમૂહ લગ્ન ચોમેરથી આવકાર્ય છે. સમૂહ લગ્ન એ સામાજિક પ્રથાનો એક ભાગ બનવોજોઈએ. સમૂહ લગ્ન કરાવતી જ્ઞાતિઓનું તો સરકારે સન્માન કરવું જોઈએ. લગ્નમાં થતા બિનજરૂરી ખર્ચા અટકાવતી આ પ્રથાએ સમાજમાં નવો ચીલો શરૂ કર્યો છે. જો કોઈ વ્યક્તિએસમૂહ લગ્ન ના જોયા હોય તો તેને માણવા માટેની તક શોધવી જોઈએ. ઘણા સમુદાય સમૂહ લગ્નને હવે કાયમી બનાવી દીધા છે લોકો સમૂહ લગ્ન માટે ડોનેશન આપતા થયા છે સમૂહલગ્ન નવા જમાનાની ઓળખ છે સમૂહ લગ્નમાં પણ ઝાકમજોળ હોય છે તેમાં દરેક વિધિ થાય છે તેમાં લગ્નની ભાવના દેખાડા માટે નથી હોતી પણ એક પ્રકારની સંઘ ભાવના ની લાગણી વહેતી જોવા મળે છે.

## ભૂગર્ભ જળ...

પાણીની જરૂરિયાતનો મહત્તમ આધાર ભૂગર્ભજળ છે. એક અભ્યાસમાં એવું જાણવા મળયુ છે કે ભારતમાં ભૂગર્ભ જળની અછતથી લાખો લોકો ભૂખમરામાં ધકેલાશે.2025 પછી તળના પાણી આધારિત ખેત ઉત્પાદન ઘટે તેવી શક્યતા. ખેડૂતોએ ફરીથી વરસાદ પર નિર્ભર રહેવું પડશે એ ચિંતાજનક અહેવાલ છે અમેરિકન જર્નલ સાયન્સ એડવાન્સીસ ના અહેવાલમાં કહેવાયું હતું કે ભારતમાં 40% પાણીની જરૂરિયાત ભૂગર્ભજળથી પૂરી થાય છે. દેશનો બહુ મોટો વર્ગ ભૂગર્ભજળ પર આધારિત છે. પીવાના પાણીથી લઈને ખેત ઉત્પાદનો માટે ભૂગર્ભજળ મુખ્ય સ્ત્રોત બની રહ્યો છે. પરંતુ તળનું પાણી સતત ઘટી રહ્યું હોવાથી મુશ્કેલી શરૂ થઈ છે. અહેવાલ પ્રમાણે ભારતમાં સતત તાળનું પાણી નીચું જઈ રહ્યું છે. બે ત્રણ દસકા પહેલા જમીનના ઉપલા પડ માંથી જ પાણી મળતી આવતું હતુ પરંતુ હવે પાણી મેળવવા માટે ખૂબ જ ઊંડે સુધી ખોદકામ કરવું પડે છે. ભારતભરમાં જળ સ્તર ખૂબ જ નીચે પહોંચી ગયું છે અને ધીમે ધીમે અછત સર્જાય એવી સ્થિતિ બનવા લાગી છે. 2025 સુધીમાં તળના પાણી પર આધારિત કૃષિ ઉત્પાદન ઘટી જશે અને ફરીથી ભારતના ખેડૂતોનો મોટો વર્ગ વરસાદી પાણી પર નિર્ભર રહેતો થઈ જશે. વરસાદ આધારિત ખેતી થવા માંડી એનો અર્થ એ થાય કે ખેડૂતો વર્ષ પર ફસલ લેવાને બદલે વધુમાં વધુ બે ફસલ લઈ શકે તેના કારણે સમગ્ર દેશનું ખેત ઉત્પાદન ઘટી શકે છે. ભૂગર્ભજળની થતી ખેતીમાં ૨૦ ટકા સુધીનો ઘટાડો આવશે એવી ચેતવણી અહેવાલમાં અપાઈ હતી. અમુક વિસ્તારોમાં જ્યાં પાણીના તળ ખૂબ જ નીચા ગયા છે ત્યાં 68% સુધી ઉનાળાની ખેતી ઓછી થઈ જાય એવી શક્યતા છે. પાણીનું તળ ઊંચું લાવવા માટે તાકીદના પગલાં ભરવા જરૂરી છે. જો પાંચ સાત વર્ષમાં યુદ્ધના ધોરણે એ કામ નહીં થાય તો પછી બહુ મોડું થઈ જશે મોટો વર્ગ ખોરાક સુરક્ષા સાથે ઝઝુમતો થઈ જશે.

વિસ્તારના જળ સંગ્રહ પ્રબંધનની સમજ નકશા અને માનચિત્રો સાથે હોવી જોઇએ. મહેસૂલી દસ્તાવેજોમાં  નાની નદીઓ, તળાવો અને સરોવરને બરોબરનું સ્થાન આપવું પડશે જેથી તેના પર કોઇ અતિક્રમણ ન કરે.

Request to SubScribe our Youtube  Channel :  **"Talks with Nitin"**

# આત્મહત્યા કરવી મૂર્ખામી છે.
## - શ્રી માતાજી

તમે એટલું નિશ્ચિત પણે જાણી લો કે આત્મહત્યા કરવી એ એકદમ મૂર્ખામી છે, કારણ કે શરીરના અંત સાથે ચેતનાનો અંત આવી જતો નથી. ઉપરાંત જીવતો જીવત જે વસ્તુ તમને મુશ્કેલી કરતા હોય છે તે વસ્તુ મૃત્યુ બાદ પણ મુશ્કેલી કરતા જ બની રહે છે અને એમાં પછી તમારા મનને બીજી દિશામાં વાળવાની શક્યતા પણ રહેતી નથી જ્યારે જીવનમાં એ શક્ય હોય છે.
તમારે આ જગતમાં જ પરિવર્તન સાધવાનું છે અને એ સત્ય છે. તમે જો જગતમાંથી ભાગી જશો તો તમારે ફરીથી અહીં આવવું પડશે અને કદાચ ખરાબ પરિસ્થિતિમાં તમારે નવેસરથી બધી શરૂઆત કરવી પડશે ડરપોક ન બનવું તે જ સારું છે અને પરિસ્થિતિનો સામનો કરી લેવો તથા વિજય માટે જરૂરી પ્રયત્ન કરી લેવા એ જ સારું છે મદદ હંમેશા તમારી સાથે જ છે તમારે મદદ પ્રાપ્ત કરી લેતા શીખવું જોઈએ. માણસ શા માટે આપઘાત કરે છે, કારણ કે તે બાયલો અને ડરપોક હોય છે બાયલા માણસને હંમેશા દુઃખ સહન કરવા જ પડે છે.
ચૈત્યિક અસ્તિત્વ અમુક અનુભવોની પરંપરામાંથી પસાર થવાના બોધપાઠ શીખવાના અને પ્રગતિ કરવાના નિશ્ચિત હેતુ માટે આવતું હોય છે, જો તેનું કાર્ય પૂરું થયા પહેલાં તમે ચાલ્યા જાઓ તો તેને વધારે કઠિન પરિસ્થિતિઓમાં તે કાર્ય ફરી કરવા માટે પાછું આવવું પડે છે એટલે એક જીવનમાં તમે જેનાથી દૂર ભાગ ગયા છો તે બધું બીજા જીવનમાં તમને આવી મળશે તે વધારે કઠિન સંજોગો હશે.
તમારે જીવનમાં અમુક મુસીબતોનો સામનો પરાભવ કરવાનો હોય જેને આપણે કસોટી કહીએ છીએ તેમાંથી પસાર થવાનું હોય અને જો તમે તેમાંથી આપઘાત કરીને છટકી જાઓ તો બીજા જન્મમાં તમારે તેમાંથી પસાર થવું જ પડશે અને તે પહેલાં કરતાં વધારે કઠિન કસોટી હશે .જીવન મુસીબતોનો એક ગુચ્છ છે અને પછી આવતું મૃત્યુ એક સનાતન શાંતિ છે એવું તમે માનો છો પણ હકીકતમાં એવું નથી.
જ્યારે માણસ સ્વૈચ્છિક રીતે આપઘાત કરીને ચાલ્યો જાય છે. અજ્ઞાનમય અને અસ્પષ્ટ આવેગ પૂર્વક ચાલ્યો જાય છે ત્યારે તે આ સર્વ આવેગોથી અને અજ્ઞાન ભરેલા પ્રમાણિક જગતમાં સીધો જતો હોય છે પરિણામે જે મુશ્કેલીઓમાંથી તે છટકી જવા માગતો હતો તે ફરી તેની પાસે ઉપસ્થિત થાય છે અને તે પણ શરીર જે રક્ષણ આપે છે તે રક્ષણ વિના.
જો કદી તમને ભયાનક ઓથાર (ભીષણ સ્વપ્ન)નો અનુભવ થયો હોય તો ઉપાય છે તમારી જાતને જાગ્રત કરી દેવાનો પણ જ્યારે તમે તમારા દેહનો વિનાશ કરી નાખ્યો હોય છે તો પછી તમારુ રક્ષણ કરનાર શરીર નથી હોતું. ઓથારથી દૂર રહેવા માટે તમારામાં ચૈત્યિક ચેતના હોવી જોઈએ. તમે જ્યારે ચૈત્યિક ચેતનામાં હોવ છો ત્યારે વસ્તુઓ તમે દુઃખ નહીં આપે તેવી ખાતરી તમે રાખી શકો છો. આત્મહત્યા તો સાથે જ અજ્ઞાનમય અંધકારમાં ગતિ છે સતત કરવા યોગ્ય પ્રયત્નો સામે એક મહાન નામર્દી છે બાયલાપણું છે.
પાર્થિવ જીવન પ્રગતિ માટેનું સ્થાન છે. આ પૃથ્વી પર , પાર્થિવ અસ્તિત્વ દરમિયાન જ પ્રગતિ શક્ય છે .જે લોકોમાં પોતાના જીવનનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાની સંકલ્પ શક્તિ રહેલી હોય છે તે લોકો તો જાણે છે કે જ્યાં સુધી જરૂરી છે ત્યાં સુધી હું અહીં રહીશ. છેલ્લી ક્ષણ સુધી હું જીવીશ અને મારા ધ્યેયની પ્રાપ્તિ માટે એક ક્ષણ પણ ગુમાવીશ નહિ.

# મારુતિ વીર જવાન ટ્રસ્ટ દ્વારા શહીદ થયેલ જવાનનાં પરિવારને આર્થિક મદદ.



સુરતનાં મારુતિ વીર જવાન ટ્રસ્ટ દ્વારા વડગામ તાલુકાનાં ત્રણ ગામોમાં શહીદ થયેલ જવાનનાં પરિવારને એક પરિવાર દીઠ રૂપિયા ૨,૫૦,૦૦૦/- એમ કુલ રૂપિયા ૭,૫૦,૦૦૦/- નાં ચેકો અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા.

છનિયાણા ગામનાં વીર શહીદ રમેશકુમાર ચેલાભાઈ દેસાઈ પરિવારને રૂપિયા ૨,૫૦,૦૦૦/- નો ચેક અર્પણ કરાયો.

મેમદપૂર ગામનાં વીર શહીદ જસવંતસિંહ જુવાનસિંહ રાઠોડ પરિવારને રૂપિયા ૨,૫૦,૦૦૦/- નો ચેક અર્પણ કરાયો.

ઘોડિયાલ ગામનાં વીર શહીદ ચંદનસિંહ જેઠાજી બારડ પરિવારને રૂપિયા ૨,૫૦,૦૦૦/- નો ચેક અર્પણ કરાયો.

**મારુતિ વીર જવાન ટ્રસ્ટને અભિનંદન.......**

વડગામ તાલુકાનાં કોદરામ ગામનાં વતની અને હાલ સુરત ખાતે રહેતા મનોજભાઈ લવજીભાઈ પ્રજાપતિ આ ટ્રસ્ટમાં પોતે ટ્રસ્ટી છે. મારુતિ વીર જવાન ટ્રસ્ટ દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી દેશની સેવામાં પોતાનું જીવન અર્પણ કરનાર અને શહીદી વહોરનાર શહીદોનાં પરિવારને આર્થિક સહાય અર્પણ કરી હૂંફ પુરી પાડે છે અને હાલમાં જ ૧૬ મી ઓક્ટોમ્બરે દેશનાં રક્ષા મંત્રી રાજનાથસિંહની અધ્યક્ષતામાં એક વર્ચ્યુઅલ પ્રોગ્રામ યોજી ૧૨૧ શહીદનાં પરિવારજનોને રૂપિયા ત્રણ કરોડની આર્થિક મદદ કરવામાં આવી. મનોજભાઈ પણ આવા સેવાકીય યજ્ઞમાં સહભાગી થયા છે એ આપણા તાલુકા તેમજ જિલ્લા માટે ગૌરવની લાગણી કહેવાય જેનો આપણે સૌને ગર્વ છે. એમના પ્રયત્નો અને માર્ગદર્શન હેઠળ વડગામ તાલુકાનાં શહીદ થયેલ પરિવારોની માહિતી મેળવીને ટ્રસ્ટ સુધી પહોંચાડી આ ચેકો અર્પણ કરવામાં આવેલ.



# વિચાર મંથન .....

## આજનો વિચાર

### વૃક્ષોનો જીવનવૈભવ

આપણા આંગણામાં જગતનું સૌથી નિર્મળ, મધુર અને કર્ણપ્રિય સંગીત સદાય વહેતું હોય છે. એ સંગીત છે આપણા આંગણામાં સતત મીઠું હાસ્ય વેરતાં ખીલેલાં પુષ્પો કે છોડનું કે પછી ઊર્ધ્વમુખ રાખીને ટટ્ટાર ઊભેલાં વૃક્ષનું. બીજમાંથી એ વૃક્ષ પ્રગટ થયું, ત્યારે બાળકના જેવું કેવું ખિલખિલાટ હાસ્ય બહાર આવતું હતું ! ધીરે ધીરે એનામાં યુવાની ફૂટવા લાગી, ત્યારે એનો રુઆબ સાવ બદલાઈ ગયો ! અને પછી સહેજ આકાશભણી જરા મસ્તક ઊંચું કર્યું એટલે એનામાં કેવી ખુમારી આવી ગઈ ! પછી તો એની ડાળીઓનો નિખાર નજરમાં વસી જતો. એના પર ધીરે ધીરે પંખીઓ માળો બાંધવા લાગ્યાં અને એનું આશ્રયદાતા વડીલનું ધીરગંભીર રૂપ જોવા મળ્યું. વસંત આવે, ત્યારે એનો વૈભવ વાતાવરણને છલકાવી દે અને પાનખર આવે, ત્યારે વળી એ કોઈ નવો અવતાર ધારણ કરે.

છોડ રૂપે હતું, ત્યારે પહેલાં એનું ધીમું માદક સંગીત સંભળાતું હતું. પવનની એક લહેર આવે અને એની સિતારના તાર થોડા ઝંકૃત થઈ ઊઠે ! જેમ જેમ એ ઊંચે આકાશભણી નજર કરતું ગયું, તેમ તેમ એના સૂરો વધુ ને વધુ હૃદયસ્પર્શી બનવા લાગ્યા.

આ વૃક્ષો સાથે ગોષ્ઠિ કરવાનો તો કેવો આનંદ આવે ! તમે વાત કરો અને એ પર્ણો હલાવીને તમને હોંકારો ભણે. ક્યારેક સ્થિર બનીને સરવા કાન રાખીને તમને સાંભળે. એના થડને સહેજ પંપાળો એટલે પ્રેમનો સ્પર્શ અનુભવાય અને એનાં પાંદડાં વચ્ચે ઊભા રહો, ત્યારે સંગીતના સૂરોની જોરદાર મહેફિલ જામે. એમાંય એ પ્રસન્ન થાય ત્યારે પવનની એવી લહેરનો અનુભવ થાય અને આપણે મસ્તીમાં ઝૂમી ઊઠીએ. વૃક્ષોનું સંગીત જેટલું વધારે સાંભળીએ એટલા વધુ તરબતર બનીએ. જીવનના રાગ તો ઘણા જાણ્યા, પણ વૃક્ષોનો આલાપ જાણીએ, ત્યારે આનંદની અવધિ જાગે, કારણ કે માણસ એની ઉંમર વધવાની સાથે એનું સૌંદર્ય ગુમાવતો હોય છે, જ્યારે વૃક્ષોની વયની સાથોસાથ એમનું સૌંદર્ય અને સંગીત વધારે નિખાર પામે છે.

**કુમારપાળ દેસાઈ**

(સૌજન્ય : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ)

આપણે યુરિયા અને ડીએપી ઉમેરીને જમીનના પડો ને એટલા સખત બનાવ્યા કે ભૂગર્ભ જળના છિદ્રો બંધ થઈ ગયા. અળસીયા જે છિદ્રો બનાવતા હતાં તેને પણ નાશ કરી દેવામાં આવ્યા. ભગવાન દ્વારા બનાવવામાં આવેલી પાણી સંગ્રહ પદ્ધતિ કેટલી જબરદસ્ત હતી કે અળસીયા એ બનાવેલ અસંખ્ય છિદ્રોમાંથી વરસાદનું પાણી ધરતી માતાના પેટમાં જતું રહેતું અને આપણને શુદ્ધ પીવાનું પાણી મળતું હતું. આજથી ૨૦ વર્ષ પહેલા આપણે ગમે ત્યાં પાણી પિતા કઈ બગડતું નહોતું અને હવે બંધ બોટલ નો ઉપયોગ કરીએ છીએ આટલું ઝેર ખેતરમાં પડે છે.

વૈજ્ઞાનિકોએ એક સમયે આ દેશમાં લોકોને ભૂખથી બચાવ્યા હતાં. હવે લોકોને બીમાર થવાથી બચાવવા પડશે. વૈજ્ઞાનિકો જ ખેડૂતો અને દેશનું ભાગ્ય છે. - આચાર્ય દેવવ્રત



આપણા પૂર્વજો કુદરત સાથે સુમેળમાં જીવન જીવ્યા છે અને તેઓ વિકાસ પાછળ દોડ્યા નથી એ જ કારણ હતું કે તેઓની ઉમર 100 વર્ષની આસપાસ રહેતી હતી, પરંતુ વિકાસના યુગમાં જીવ્યા પછી પણ આપણે એ સરેરાશ ઉંમરને 55 થી 60 સુધી ખેંચી લાવ્યા છીએ. વિચારવા જેવું ઘણું છે...પહેલાં ઘરો નાનાં હતાં પણ હવાદાર હતા, આંગણું લીમડાનું હતું, કોઈ રોગ ન હતો, ચાલવાનું પસંદ હતું, દવાઓનો કોઈ ખર્ચ ન હતો, મેદાનની રમતોને પ્રાધાન્ય મળતું હતું.... ઘણા બધા છે. જે ઉદાહરણો આજે જોવા મળતા નથી...

**શ્રદ્ધાંજલિ - સેવા મૂર્તિ સ્વ. ઇલાબહેન ભટ્ટ**



# બાલારામના સંસ્મરણો : નિતિન પટેલ




આજથી ૨૫ વર્ષ પહેલા બાલારામ નદીમાં તરતી માછલીઓ સ્પષ્ટ દેખાતી, પાણીની નીચે પડેલ નદીની કાંકરી – પથ્થર સ્પષ્ટ દેખાતા એટલું પારદર્શક અને સ્વચ્છ પાણી આ નદીમાં હતું. નદીની બાજુમાં વીરડા ગાળતા તો વેંત ભર્યા વીરડામાંથી કાંકરી અને પથ્થર માંથી ગળાયેલું અમૃત જેવું શુદ્ધ પાણી ખોબલે ખોબલે પીતા. નદીના પટમાં ઉગાડવામાં આવતા ટામેટા, કાકડી, સક્કર ટેટી, તરબૂચ મીઠા મધુરા લગતા એની ઉપર દેવીપૂજક ભાઈઓ લારી ઉપર મસાલો નાખીને અમને ડીસ બનાવી આપતા ત્યારે તો એનો સ્વાદ જીભે લાગતો. શિવ મંદિર ની સામે આવેલી રેલીંગ પરથી નદીમાં ભૂસકા મારવાની અને નદીનું પાણી જે રીતે અમને ઝીલી લેતું એનો તો આનંદ અદ્દભુત અનુભવાતો. ચોમાસામાં પુરના પાણી મંદીરની ટોચ સુધી પહોચતા ત્યારે આ પુરના પાણીનો ઘૂઘવાટાભર્યો ભયંકર અવાજ નદીથી માત્ર એક બે કિલોમીટર દૂર આવેલા અમારા નિવાસ-સ્થાન એવા સઘનક્ષેત્રમાં અમારી રાત્રી ઊંઘને તહસ નહસ કરી અમને સતત ચિંતામાં ઉજાગરો કરાવતો કે પુરના પાણી આપણી પથારી લગી તો નહી પહોચી જાય ને??. પણ અમને અમારી નિત્યની સાથી એવી બાલારામ નદી ઉપર ભરોસો હતો કે એ ક્યારેય વિશ્વાસઘાત નહી કરે એ વિશ્વાસ એણે સારી રીતે નિભાવ્યો હતો. બાલારામ નદીએ અમારા બાળપણને ખૂબ સાચવ્યું છે, ખૂબ શીખવાડ્યું છે. પચીસ વર્ષ પહેલાના બાલારામ વિસ્તારમાં નદી, જંગલ, ડુંગરા, ઝરણા અને ભૂમિ સહીતનું નર્યું નૈસર્ગિક વાતાવરણ અમે ભરપુર માણ્યું છે એને શ્વાસે-શ્વાસે અનુભવ્યુ છે.

**બાલારામ એક પ્રાકુતિક સ્થળ છે એને પર્યટન સ્થળ ન બનાવીએ......**

છેલ્લા બે- અઢી દાયકામાં એવું તો શું થયું કે બાલારામની અમારી બારમાસી નદી કે જેનું અમૃત તુલ્ય પાણી અમેં પીધું છે. એના ખોળામાં અમે તરતા શીખ્યા છીએ, ખૂબ ધુબાકા માર્યા છે,એના પૂરમાં અમારા આદિવાસી મિત્રો સહજતાથી તર્યા છે અને આ નદીના તટમાં પેદા થતા શાકભાજી અને ફળ ફળાદી નો મધુર સ્વાદ માણ્યો છે, જળચર જીવો સાથે દોસ્તી બાંધી છે એ બારમાસી નદી આમ ભર્યા ચોમાસામાં આજે  હાડપિંજર જેવી કોરી ઢાકોર પડી છે. પર્વતો માંથી વહેતું પાણી ક્યાંક બીજે વળી ગયું નદી ધરતીમાં સમાઈ ગઈ એનો કોઈ જ અતોપત્તો નથી સાક્ષી રૂપે જેના અમે નિત્ય દર્શન કરતા એવા અમારા મહાદેવ, વૃક્ષો અને પથ્થરો મુક બની ઊભા છે જાણે કહી રહ્યા હોય કે તમે માનવીઓએ આ દુર્દશા કરી છે. અને એ સનાતન સત્ય જ છે કે કાળા માથાના માનવીએ જેટલી આસ્થા ધર્મની રાખી છે એટલી સમજ ધર્મના ચાલક બળ એવા પર્યાવરણની રાખી નથી. આખી નદીનો પટ્ટ ગંદકી થી ખદબદી રહ્યો છે અને હવામાં દુર્ગંધના વાયરા વાય છે. નદીને ગટર બનાવી દેવાનું અને ધર્મને નામે પર્યાવરણને નુકશાન કરવાનું જે પાપ માનવજાત કરી રહી છે એનો ગુસ્સો દેવાધિદેવ મહાદેવના ચહેરા ઉપર એમના દર્શન કરતી વખતે સ્પષ્ટ વર્તાઈ રહ્યો હતો જાણે કે તેઓ કહી રહ્યા હોય કે માં ગંગાને પૃથ્વી ઉપર અવતરણ કરાવી જે ભૂલ કરી છે એ તમારી હરક્તો જોતાં બીજીવાર કરવા જેવી નથી. અમે તો નશીબદાર કે નદીની, જંગલોની, ડુંગરોની , ભવ્યતાને મનભરીને માણી છે જેણે અમને ખુમારીના પાઠ શીખવ્યા છે, પણ આગામી પેઢી માટે આ કુદરતી સંપદા માત્ર પાઠ્ય પુસ્તકો પુરતી સીમિત ના રહી જાય એ તરફ કોણ વિચારશે ? જય ભોલેનાથ. સર્વ ને સદ્દબુદ્ધિ આપજો.....!!!

- નિતિન એલ.પટેલ




લેખક - જગદીશભાઈ બારોટ
barot.jagdish@gmail.com

# ગામની વચ્ચે સ્મશાન....

આપણા મલક અને દેશમાં સ્મશાન ઘર ગામથી દૂર એકાંત જગ્યાએ હોય છે જે કોઈની સ્મશાન યાત્રા વખતે જ જોવાનુ થાય. બાકી નિર્જન ભેંકાર ભુમિ લાગે. હા ભૂત પલિતનો વાસોહોવાની વાતો નબળા મનના લોકો કરતા રહે.

મૃત્યુને આપણે એટલુ ભયાનક બિહામણુ બનાવી દીધુ છે કે મોટાભાગના ને મૃત્યુનું નામ સાંભળી મૃત્યુ આવી જાય છે. એ સાચુ કે એક બાજુ બાવાજીઓ "બ્રહ્મ સત્ય જગત મિથ્યા," "આશરીર નાશવંત કાચી માટીનો ઘડો", "જીવન એક નરકની ખાણ " જેવાં મિથ્યા ગાણાં ગાતા રહે પણ જો આપણે પુછીએ કે બાપજી જો જીવન આટલુ ખરાબ હોય,નરકની ખાણ હોય, અનેઉપર સ્વર્ગ હોય, તો પછી ઉપર સ્વર્ગમાં નિવાસ કરોને, આ ધરતી શીદ ભારે મારો છો? તો ના પોતે મરી સ્વર્ગ ભોગવવું નથી. પણ બીજાને સ્વર્ગના પરવાના કાઢી આપવા છે. એકનરસિંહ મહેતા એવા હતા જે કહેતા, " વનરાવન છે રૂડુ, વૈકુંઠ નહિ જાઉ રે" તો બીજા કબીરસાહેબ કહેતા, "રામ બુલાવા ભેજીયા કબીરા બેઠા રોય, જો સુખ સંસારમેં, વૈકુંઠમા ના હોય" આ બંને આપણને સમજાવી ગયા કે વૈકુંઠ કરતાં અહી મજા છે, પણ ભોળા જનો માને તો ને? બાવાજીની પકડ એવી ભારે છે કે છુટવુ મુશ્કેલ. ખેર, મારે કહેવુ એ છે કે મૃત્યુનો અને મૃત્યુ પછી પાપની સજા, નરકની પીડા વિગેરેનો એવો ભય ઊભો કર્યો છે કે માણસ બિચારો મૃત્યનું નામ સાંભળતાં ફફડી મરે છે. સ્મશાન જોતાં જ બી મરે છે. સુખેથી જીવી પણ નથી શકતો અને મૃત્યુના ભયથી રોજ રોજ મરે છે. બિચારો માનવી એ ભય, એ પાપની શિક્ષા, એ કહેવાતા નરકની યાતનામાંથી છૂટવા હવાતિયાં મારતો રહે છે. મંદિર મંદિર ભટકતો રહે છે. સ્વર્ગનો પરવાનો કાઢી આપવાની લાલચે, બાવાજીની આરતી ઉતારતો રહે છે, પગ ધોઇ પડતો રહે છે, ભંડારા કરતો રહે છે, છપ્પનભોગ ધરાવતો રહે છે.

નિશાળ નહિ જોયેલી, ચાલીસ વરસે વિધવા બનેલ, એક છેવાડાના ગામમાં જિંદગી વિતાવેલ મારી મા પુરાં સો વરસ તંદુરસ્ત જીવન જીવી. એ જ્યારે મરણ પથારીએ હતી ત્યારે મને પુછેલું, બેટા શું આ નરકની પીડા, યમદૂતોની શિક્ષા, વૈતરણી પાર કરવાની, પશુયોનીઓમાં ભટકવાનું વિગેરે સાચુ હશે? મને બીક લાગે છે. મેં કહ્યુ મા તું મને કદી રીબાવે ખરી? કોરડા વિંઝે ખરી? મારી ભૂલોની આકરી શિક્ષા કરે ખરી? તો કહે ના એવું તો કદી ના કરું. તો બસ પછી મા, આ ભગવાન તો આપણો બાપ કહેવાય છે, દયાનો સાગર અને કરુણાનો કરનાર કહેવાય છે,(ઓ કરુણાના કરનાર તારી કરુણાનો કોઇ પાર નથી), એ કદી પોતાનાં બાળકોને આવી શિક્ષા કરતો હશે? સંસારી મા બાપો પણ જો બાળકોના ગુના માફ કરતાં હોય, માવતર કમાવતર ના થતાં હોય તો પછી આ તો આપણો મહાન મા બાપ છે. એ પોતાની દિકરી એવી તને કદી હેરાન કરતો હશે? મા કહે, હાશ હવે મારો ભય ગયો.

ક્ષમા કરજો, વાત થોડી લાંબી થઈ ગઈ પણ મોતનો ભય ભગાડવા, સ્વર્ગની લાલચમાંથી અને બાવાજીની ચુંગાલમાંથી છોડાવવા, એમ કરવું જરુરી લાગ્યુ. મુળ વાત ઉપર આવુ. કેનેડામાં દરેક શહેર કે ગામમાં કબ્રસ્તાન કહો કે સ્મશાનભૂમિ શહેરની વચ્ચે રહેણાક વિસ્તારમાં હોય છે. આજુ બાજુ વસવાટનાં ઘરો હોય છે. અડધી રાતે પણ આ જગ્યા આજુબાજુ અવરજવર ચાલુ હોય છે. કદી ક્યાંય ભુતનો વાસ હોવાનુ કે જન દેખાયો હોવાનુ સાંભળ્યુ નથી. બની શકે કે બધાં ભુતોને આપણા ભુવાઓએ ભારતમાં તેડાવી લીધાં હોય. તો જ એમની હાટડીઓ ચાલેને? શહેરની વચ્ચે સ્મશાનઘર નજીકથી જતાં આવતાં રોજ મૃત્યુની યાદ તાજી થાય છે. યાદ રહે અહીં કોઇ મૃત્યુના ભય કે ભૂતના ભયથી ભયભીત નથી. ઉલ્ટાનુ સ્મશાનના દર્શનથી માણસનું અભિમાન કે કાવાદાવા ઓછા થાય છે. એક દિવસ મારે પણ આ જગ્યાએ આવી સુઇ જવાનું છે એ યાદ રોજ તાજી થાય છે. એટલે માણસ મૃત્યુથી સભાન રહે છે, ચિંતિત નહિં પણ જાગૃતરહે છે. રોજે રોજના વ્યવહારમાં મૃત્યુને નજર સામે રાખીને વર્તે છે. મંદિરની મૂર્તિના દર્શનથી કે બાવાજીના પોપટીયા જ્ઞાનથી મોહમાયાનો ભંગ થતો નથી પણ સ્મશાનના દર્શનથીઅવશ્ય વૈરાગ્ય પેદા થાય છે. અને અહીં તો રોજે રોજ સ્મશાનનાં દર્શન ને રોજેરોજ વૈરાગ્ય.આ છે ગામની વચ્ચે સ્મશાન હોવાનો ફાયદો જે આપણે ચુકી જઇએ છીએ અને મોતના ભયથી રોજ મરીએ છીએ.

મૃત્યુના દેવનો જય થાવ. કબ્રસ્તાનનો જય થાવ. કબ્રસ્તાનમાં પોઢેલા જીવાત્માઓનો જય થાવ, એમની પરમ શાંતિ થાવ.

**પાયાની સગવડો અને પ્રકુતિની જાળવણી બંન્નેનું સંતુલન જરૂરી છે.**

**આવો આપણે નીચેની પદયાત્રાઓ વિષે વિચારીએ, શરુઆત કરીએ.**

1) વૈજ્ઞાનિક અભિગમ યાત્રા
2) જળ બચાવ યાત્રા
3) સ્વચ્છતા જાગૃતિ યાત્રા
4) પર્યાવરણ રક્ષણ યાત્રા
5) વૃક્ષ સંવર્ધન યાત્રા
6) શિક્ષણ ગૌરવ યાત્રા
7) પુસ્તક પ્રેમ યાત્રા.
8) કન્યા કેળવણી યાત્રા
9) મહિલા સશક્તિકરણ યાત્રા
10) યુવા રોજગાર યાત્રા
11) અંધશ્રધ્ધા નિર્મૂલન યાત્રા
12) પાખંડ ખંડન યાત્રા
13) કર્તવ્ય પાલન યાત્રા
14) નીતિ અને સદાચાર યાત્રા
15) આરોગ્ય જાળવણી યાત્રા
16) વ્યસન મુક્તિ યાત્રા
17) આફત નિવારણ યાત્રા
18) આભાર દર્શન યાત્રા

ચાલો આપણે 10 રોપા વાવીને તેને વૃક્ષ બનાવવાનો સંકલ્પ લઈએ...ધ્યાન રાખો કે જો આપણા વાવેલા છોડમાં લીમડો, પીપળ, આમળા, તુલસી મુખ્ય રીતે હોય તો સારું રહેશે...આ છોડ પ્રકૃતિ અને આપણા સ્વાસ્થ્ય...માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આવતીકાલે આપણા બાળકોને આ દુનિયામાં રહેવાનું છે...તેમને ઓક્સિજન, પાણી, વરસાદ અને નીચા તાપમાન સાથે સમયાંતરે બદલાતા હવામાન ચક્રની પણ જરૂર છે.... આવો કુદરત પાસે જઈએ.



ભારતીય સંસ્કૃતિમાં કલાનું ઘણું જ મહત્વ રહેલું છે. દરેક તબક્કે આપણી જીવનશૈલીમાં પણ કલા આપોઆપ વણાઈ ગઈ છે જેમ કે ગ્રામીણ સ્ત્રીઓ ભીંત ને લીંપણ કરે છે તેમાં કલા રહેલી છે જેને આધુનિક નામમાં મડ મિરર વર્ક કહેવામાં આવે છે. ભીંત ચિત્રો પાથરણાં વિગેરેમાં પણ દેશી વનસ્પતિ રંગોથી કલાત્મક ચિત્રાંકન કરવામાં આવે છે આવી જ રીતે કઠપૂતળીની પારંપરિક કલાને નવા રૂપે પપેટ શેડો પપેટ તથા બીજા અનેક જુદા જુદા સ્વરૂપે પપેટમાં રજૂ કરવામાં આવે છે. આ તમામ કલામાં શ્રી રમેશ રાવલ તેમના હાથનો કસબ અજમાવીને ખૂબ જ સુઝ-બુઝથી સુંદર સર્જન કરેલ છે અને તેમાં આધુનિકતાને પણ સ્થાન આપેલ છે. આ કલાને લઈને તેમણે વિદેશ પ્રવાસો પણ કરેલ છે તેઓ ઈરાન, અફઘાનિસ્તાન ,જાપાન વગેરે દેશના પ્રવાસો કરીને પોતાની કલા અજમાવી ચૂક્યા છે.

**આપના ગામની શાળાના બાળકો તેમજ ગ્રામ્જનોને  વિવિધ વિષયો ઉપર ગમ્મત સાથે જ્ઞાન આપવામાં મહત્વ્પૂર્ણ પપેટ શો ના  અયોજન હેતુ વધુ માહિતી મેળવાવા આપ નમ્રતાબેન ભાવસાર નો મોબાઇલ નંબર 9825035195 ઉઅપર સપર્ક કરી શકો છો.**

अपना संतुलन बनाये रखने के लिए आपको चलते रहना चाहिए। जीवन वास्तव में सरल है, लेकिन लोग इसे जटिल बनाने पर जोर देते हैं। जीवन रोज नए पाठ पढ़ाती है जिन्हे समझने के लिए जीना चाहिए। महान कार्य करने का एकमात्र तरीका यह है कि आप जो करते हैं उससे प्यार करें।

# પુસ્તક પરિચય.....




જિંદગીના વિવિધ રંગોના વિચારોત્સવ થકી જીવન જીવંત બનાવતુ પુસ્તક એટલે જય વસાવડા લિખિત લાઈફ લાઈન.

પાને પાને જીવનને સાર્થક કરી શકે એવી વાતો આ પુસ્તકમાં ખોબલે ખોબલે લખાણી છે.

આ રસપ્રદ પુસ્તકદરેકે અવશ્ય વસાવા અને વાંચવા જેવું છે.

**અછંદાસ રચના. : રિયાઝ મીર**

મચ્છુ તારા ઉદરમા મટ્યા કેટલાય પરિવાર !
જીવલેણ પુલે જીવ લીધો તૂટતાં એના તાર!

અશ્રુ વહ્યા એટલાં કે ખુદ નદી યે શરમાઇ,
હસતા બાળક મોતને ભેટ્યા ફૂલો ગયા કરમાઇ !

મોરબી મચ્છુ ઘટના બની ઘણી ગંભીર
ઝૂલતો પૂલ ઝાલિમ બન્યો ભરખી ગયું નીર!

પ્રભુ પરમ શાંતિ અર્પે દુઆ છે મારી ખાસ !
ગુજરાતે માતમ છવાયો આંખો રહી ઉદાસ !

**એક નવી પેશકશ : રિયાઝ મીર**

હાલ પાછા મળીએ અજવાસના નગરમાં !
જેમ હૈયું હૈયા ને મળે શ્વાસના નગરમાં !

રંગ અનેરો,ઉત્સાહ અનેરો,ખૂશીઓ બમણી !
પામી નહિ શકાય બધુ આમ આસપાસના નગરમાં

જગતની આંખે નહિ સ્વયંની આંખે ભાળીએ !
ચક્ષુ એવા હોય આ વિશ્વાસના નગરમાં !

કર્તવ્ય પથ નિહાળી સઘળી કામના મુકાઇ !
મન લાગી ગયું હર્ષોલ્લાસના નગરમાં

ઈશ્વર સમીપ રહ્યો છતાં છુપાઇ રહ્યો !
શોધ્યો નહિ તે હૈયાની હળવાશના નગરમાં !

કલમ દિવસો અને એકાંત ભરેલી પળ આ !
સબંધ સઘળાં તાજા કીધા ઊંડા અહેસાસના નગરમાં !

**લેખક : કિશોર સિંહ સોલંકી**

**મગરવાડા (વડગામ )**

# વીરડા...

આજે ચારેબાજુ પાણીની બૂમાબૂમ છે. લોકો-પ્રાણીઓ-પશુઓ પાણી વિના વલખાં મારી રહ્યા છે! પણ છપ્પનિયા દુકાળને અભડાવે એવો ગોઝારો કાળ આજે દુંદુભિ ગગડાવી રહ્યો છે - આપણા માથા ઉપર!

વહેળા અને વાંકળાં, નદી અને સરોવર, તળાવ અને કૂવા પાણી વિના ટળવળવા લાગ્યાં છે આજે તો. આજે તો વહેળા અને વાંકળાં કે નદીનું નામનિશાન પણ રહ્યું નથી. જ્યાં બંને કાંઠા લઈને જતી એ નદીઓનો પટ આજે પાધર થઈ ગયો છે ત્યારે ત્યાં ઊભા રહીએ તો આંખોમાં આંસુ આવી જાય એવી સ્થિતિ થઈ હોય છે.!

પણ મારા ગામના સદ્દભાગ્યે કે દુર્ભાગ્યે કોઈ નદીની હૂંફ મળેલી નહીં ગામને ! પણ અમારા ગામનો વહેળો કુંવારકા એટલે કે સરસ્વતી નદીને મળતો, એવું યાદ છે આજે તો! ત્યારે તો એ વહેળો કહેવાતો પણ કોઈ નદી તો એના આગળ જખ મારે એવો હતો એ !

એ જ વહેળાના કાંઠે અમારું આંબાવાડિયું હતું ! એટલે એ વહેળાનાં મેં અનેક રૂપ જોયાં છે, અનુભવ્યા છે. અમારા આંબાવાડિયાની બરાબર પાસે જ બારમાસી પાણીનો ધરો હતો. એ ધરામાંથી કયારેય પાણી સુકાતું નહી ! એટલે એની અનેક કિવદંતીઓ ચાલતી. એ ઊંડા પાણીના ધરાએ મને નવું જીવન આપ્યું છે, મને ઘણું શીખવ્યું છે એણે તો ! એના કાંઠે ઊભેલા વૃક્ષોને ડાળીઓ ઉપરથી સીધેસીધા એ ધરામાં ભૂસકા માર્યા છે અમે ! તો જળ બિલાડીઓ પણ પહેલી વહેલી એ ધરામાં જ જોઈ હતી અમે ! પાણીમાં રહેતા સાપનો પ્રથમ સ્પર્શ એ ધરાએ કરાવ્યો હતો અમને ! અને એ ધરામાં આવેલા મોટા બે મગરના મોઢામાંથી બચ્યા હતા ! એ જ ધરામાં અમને ડૂબાડ્યા અને જિવાડ્યા પણ છે. એવી હતી એની કરામત ! વરસમાં એકાદ ભોગ તો એ ધરો અચૂક લે તો જ, એવી તો એની શાખ હતી આખા ગામમાં ! એટલે એ ધરાની પાસે જવાની સખત મનાઈ હતી પણ બાંધ્યા રહીએ તો અમે ટેંણિયા નહીં !

અમારા વહેળાનો પટ પણ વિશાળ વિસ્તરેલો: એના આજુબાજુના વિસ્તારમાં ભોંયબાવળીની જબરજસ્ત ઝાડી! કોઈ દિવસે અંદર સંતાઈ જાય તોયે મળે નહીં એવી તો એની હાક! એટલે ચોર ડાકુઓને છુપાવા માટેનો મોટો આશરો હતો એ ભોંયબાવળી તો !

એ વહેળાના કાંઠેની લીલાશમાં અમે ઉનાળામાં સવાર-સાંજ ભેંસો ચારવા જતાં ! પણ ઉનાળામાં વહેળો દયામણો લાગતો ! પોલિયો થયેલા માણસ જેવી એની સ્થિતિ થતી ! ક્યાંય પાણીનો રેલો જણાઅ નહીં પણ અંતરે અંતરેના ધરાઓમાં પાણી ભરાયેલું રહેતું

અમે એની ભીની ભીની વેળુમાં આળોળતા ચટ્ટીઓ કાઢીને ! પછી ધરામાં ધાબૂલા ફૂટતા ! પણ તરસ્યા થઈએ એટલે શું કરીએ ? તો ધરાની પાસેના વેળુમાં બધા 'વેઈડીઓ' ગાળતા! દરેકને પોતાની 'વેઈડી' રહેતી !

અમે સવારે ભેંસો લઈને આવતા એટલે પહેલું કામ કરતા વેઈડીઓ ગાળવાનું. વિસ્તરીને પડેલી વેળુમાં અમે મંડી પડતા હાથથી વેઇડીઓ ગાળવા ! દરેક પોતપોતાની જગ્યા નક્કી કરી લેતા પછી ખોદવા લાગતા. વેળુની સાથે છીપલાં, પથરા વગેરે નીકળતા. જેમ જેમ વેઇડી ખોદતા જઈએ એમ એમ એમાંથી પાણી ફૂટતું.

વેળુમાંથી માર્ગ કરીને આવતું પાણી જોવું એ પણ એક લ્હાવો હોય છે. સહેજ  ખોદીએ અને ચારેબાજુથી એમાં સરવાણીઓ ફૂટતી અને થોડી વારમાં તો આખી વેઇડી ભરાઈ જતી !

નાની હોય તો વેઈડી (વીરડી) અને મોટો હોય તો (વીરડો) કહેતા અમે! અમારે ટાબરિયાંને કેટલું પાણી જોઈએ ? એટલે વેઇડી જ, બરાબર ને ? પણ જો પાસેનાં ખેતરોમાં કાંઈ કામ ચાલતું હોય અને મજૂરો વગેરે હોય તો પછી વેઇડા ગાળવા પડતા જેથી માટલાં ભરીને પાણી ભરી શકાય !

અને ટાબરિયાં અમારી વેઈડીઓ હારબંધ ગાળતાં ! કોની વેઇડી પહેલી ભરાય છે એની રાહ જોતાં ! જેની વેઈડી પહેલી ભરાય એ ભમરાળો કહેવાતો ! હું તો મારી વેઈડી ઘરાની નજીકની વેળુમાં પસંદ કરતો એટલે તરત જ પાણીથી ભરાઈ જતી ! અને બધાની ઈર્ષાનો ભોગ બનવું પડતું મારે !

પોતાની વેઈડી ભરાઈ જાય એટલે એમાંથી જ પાણી પીવાનું ! જો ખોબો ભરીને લઈએ તો વેઇડીનું પાણી ડહોળાઈ જાય ! એટલે અમે બકરી બની જતા. ખુદાની દુઆ માંગવા અમે ઢીંચણે પડતા અને અમારા હાથના ટેકાથી વેઈડીના પેટનું પાણી પણ હલાવ્યા વિના – બે હોઠ ડુબાડીને ગટગટાવતા પાણી ! ત્યારે અમારે તમારી જેમ ફિલ્ટર લગાડીને પાણી ગાળવાનું નહોતું  રહેતું ! તમારે તો હવે ચોખ્ખા પાણી પીવાના પણ વલખાં છે, એટલે શું કરવાનું તમારે ?

વેળુમાં ગળાઈ-ચળાઈને આવતું પાણી મીંઠુ લાગે. અમે તો શ્વાસ લઈને ગટગટાવીએ. પાણીથી જ પેટ ભરાઈ જતું એટલે વિર ભીમસેન બનીને ચાલવા લાગતા ! અમે જયારે હારબંધ બકરી બનીને પાણી પીતા ત્યારે એ દ્રશ્ય જોવાનો પણ એક લ્હાવો હતો !

દરેક જણ પોતાની વેઈડીની આજુબાજુ સરસ મજાની બેસવાની જગા બનાવે ! જે બાજુથી ઢીંચણે પડીને પાણી પીવાનું હોય એને તો થેપીને બનાવીએ! કારણ કે એ જ તો અમારા આખા દિવસનો પાણીનો ખજાનો રહેતો! તમારી જેમ વોટરબેગ સાથે લઈને ફરવાનું સદ્દભાગ્ય ત્યારે અમારે કરમે ક્યાંથી હોય?

અમે તો વેળુનાં પૂતળાં! વેળુમાં વીરડા ગાળવાના ! વેળુમાં રમવાનું અને વેળુમાં ઊંઘવાનું!

વેળુના દેશના વાસી! વેળુ અમારી મા ને વેળુ અમારો જન્મારો! અમારાં હાડકાં પણ એ વેળુનાં અને અમારા લોહીનું વહેણ પણ એ વેઈડીઓવાળું!  એટલે એ વેળુ અને એ વેળુડીઓ અમારું જીવતર હતું, ભઈલા!

આજે એ જીવતરને તમારા ફિલ્ટરે ગ્રસી લીધું છે. તમારી દાવાઓએ દાટી દીધું છે અને તમારા ફ્રીઝે એને થીજવી દીધું છે. તો પછી ક્યાંથી આશા રાખી શકાય એ વેળુમાંથી ફૂટતી સરવાણીઓની ?

અમે ક્યારેક મસ્તી-તોફાન પણ કરી લેતા. કોઈ વેઈડીમાં પાણી પીવા નીચો થાય અને પાણી પીવા જાય કે આવીને એનું આખું માથું પાણીમાં ડબોળી દેતા! એક વખત તો એક જણાને નાકથી પાણી પીવાઈ ગયું.  એટલે  એ તો એવો વીફરેલો કે ન પૂછો વાત! એનું માથું ડબોળનારને લાકડી લઈને પાછળ પડેલો! પેલો હાથમાં નહીં આવ્યો એટલે છૂટી લાકડી એના ટાંટિયામાં મારી દીધી હતી. પેલાને બરોબરનું વાગેલું, પણ પછી એમે ભેગા મળીને નક્કી કરેલું કે, આવી મસ્તી કરવી નહીં !

બીજા દિવસે આવીએ એટલે વેઈડીમાનું પાણી વાસી થઈ ગયેલું હોય ! એટલે એ પાણી તો બદલવું જ પડેને ? એટલે બધા વળગી પડીએ વેઈડીઓમાનું પાણી ઉલેચવા માટે.જોત જોતામાં તો વેઈડીઓ ખાલી કરી નાખીએ! સાફ કરી દઈએ અને થોડી વારમાં તો પાણી થી ભરાઈ જાય વેઈડીઓ ! અને ફરીથી ચાલુ થાય અમારો નિત્યક્રમ !

અમે અળવીતરા પણ જબરા! અમારામાંનો કોઈ વધારે ડાહ્યો થતો હોય તો એની પણ અમે દવા કરીએ. એક કાન થી બીજા કાન સુધી આખો પ્લાન પહોંચી જાય અને એ જ્યારે ડોબાને ક્યાંક વાળવા જાય કે આઘો-પાછો થાય તો એની વેઈડીમાં જઈને પેશાબ કરી આવવાનો ! એને તો બિચારને ક્યાંથી ખબર હોય કે,પોતાની સાથે કેવા કાવાદાવા ખેલાયા છે?

એ પાછો આવે એટલે અમે ઘાટ ઘડીને જ રાખ્યો હોય. 'ચાલો પાંણી પીવા જૈએ' અને સમૂહમાં જઈ પહોંચીએ વીઈડીઓના કાંઠે ! ઢીંચણે પડીએ પણ અમે પાણી પીવાના બદલે પેલાની સામે ત્રાંસી આંખે તાકી રહીએ. પેલો તો ગટગટાવતો હોય વટથી એટલે અમારાથી હસુ ખાળી શકાય નહીં ! અમે બધા જ ખડખડાટ હસી પડીએ એટલે એને શંકા જાય! અમારામાંથી એકાદ ડાહ્યો થઈ જાય કે, 'તી મૂતર પીધું..' બસ પછી તો પૂછવું જ શું? પાણીપતનું યુધ્ધ જ જોઈ લ્યો. બૂમાબૂમને મારામારી! અમે બધા હારેલા યોધ્ધાની જેમ નાસી છૂટીએ દૂર દૂર. અને હસી હસીને બેવડ વળી જઈએ! એવો હતો એ વેઈડીઓનો પ્રતાપ!

પણ હવે તો એ વહેળોય નથી કે નથી રહી ભોંય બાવળી! પછી ક્યાંથી હોય વેઈડીઓ કે વેઇડા? આજે તો પાણીના છાંટા માટે પંખીઓ તરફડે છે. પછી ક્યાં ખોદવાની હતી હારબંધ વેઈડીઓ? હાથથી વેળુમાં વેઈડીઓ ખોદતાં ત્યાં આજે શાયડા મૂકવા છતાંય પાણી આવતું નથી- ધરતીના પેટાળમાંથી! ક્યાં ગયું એ પાણી? ક્યાં ગયા એ વહેળા? ક્યાં ગયા એ બારમસી ઘરા? ક્યાં ગયા એ ઢોર ચારવા આવતાં ટાબરિયાં?

આજે તો ઊડે છે ધૂળના ગોટેગોટા અને લાય વરસે છે આકાશમાંથી! અંગારા ઉપર ચાલતા હોય એવી ધરતી બની ગઈ છે. નથી રહ્યા વહેણ કે નથી ફૂટતી સરવાણીઓ ! તો પછી ક્યાંથી બચી હોય વેઈડી-વેઈડીઓની અમારી સંસ્કૃતિ? કોણે નાશ કર્યો એનો? જો ઈશ્વર જેવું કોઈ હોય તો એ જરૂર 'માણસ' જેવો બની ગયો હશે; નહીતર આવી દશા ન આવે વેઈડીઓની !

**[ પ્રસ્તુત લેખ વીરડાના લેખક શ્રી વડગામ તાલુકાના મગરવાડા ગામના વતની છે આ લેખ તેમના પુસ્તક સુગંધનો સ્વાદ માંથી સાભાર અત્રે મુકવામાં આવ્યો છે. ]**




અરુણોદય પત્રિકા દર મહિને ઈ-મેગેઝિન તરીકે પ્રસિદ્ધ થાય છે. જેનું કોઈ પણ પ્રકારનું લવાજમ નથી અને નિ:શુલ્ક ઉપલબ્ધ છે. આપના વોટ્સએપ કે ઈ-મેઈલ ઉપર મેળવવા અમારો સંપર્ક કરવા વિનંતી છે.

**બહુ ઓછા ગુજરતીઓને ખબર હશે કે વડનું ઝાડ એ ગુજરાતનું રાજ્ય વૃક્ષ છે.**